# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### કપડવંજમાં પુષ્ટિમાર્ગીય પરંપરા મુજબ અષાઢ સુદ બીજને બદલે એકમના દિવસે નગરચર્યા

# કપડવંજ શહેરના નગરદેવ નારાયણ દેવની ૨૩૪મી ભવ્ય રથયાત્રાની તડામાર તૈયારી

**ગુજરાતની બીજા** ક્રમની સૌથી પ્રાચીન રથયાત્રામાં મલ્હાર ઠાકર અને પૂજા જોષી હાજર રહેશે



(પ્રતિનિધિ) કપડવંજ તા.૬

ઐતિહાસિક નગરી કપડવંજમાં નગરદેવ શ્રી નારાયણ દેવની ૨૩૪મી નગરચર્યા એટલે કે રથયાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૨૩૩ વર્ષની અતૂટ પરંપરા જાળવી રાખતી આ રથયાત્રા આ વર્ષે ૧૫મી જુલાઈ ૨૦૨૬, બુધવારના રોજ નીકળશે. રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે શ્રી નારાયણ દેવ મંદિર ટ્રસ્ટ અને રથયાત્રા ઉત્સવ સમિતિ રાત-દિવસ કાર્યરત છે.

સામાન્ય રીતે રથયાત્રા અષાઢ સુદ બીજના રોજ નીકળતી હોય છે, પરંતુ કપડવંશની આ રથયાત્રા પુષ્ટિમાર્ગીય પરંપરાને અનુસરે છે. શ્રી નારાયણદેવ મંદિરના વારાદારી સેવક ભગવતભાઈ જોષી તથા જૈમિન જોષીના જણાવ્યા અનુસાર, પુષ્ટિમાર્ગીય પરંપરા મુજબ જે દિવસે પુષ્ય નક્ષત્ર હોય તે દિવસે જ રથયાત્રા ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પુષ્ય નક્ષત્રનો સંયોગ અષાઢ સુદ એકમ, તા. ૧૫ જુલાઈના રોજ હોવાથી તે દિવસે ભગવાન નગરચર્યાએ નીકળશે.

કપડવંજની શ્રી નારાયણ દેવની રથયાત્રા ગુજરાતની પુષ્ટિમાર્ગીય પરંપરાની બીજા ક્રમની સૌથી પ્રાચીન અને ઐતિહાસિક રથયાત્રા તરીકે આગવું સ્થાન ધરાવે છે.

#### રથયાત્રાનો રૂટ અને વિશિષ્ટતાઓ

આ રથયાત્રાના દિવસે સર્વપ્રથમ નિશાન પૂજા કરવામાં આવશે, ત્યારબાદ ભગવાન શ્રીજી પ્રભુ રથમાં બિરાજી નગરજનોની ખબર-અંતર પૂછવા નીકળશે. રથયાત્રા નિજ મંદિરેથી પ્રસ્થાન કરી કાપડ બજાર, કડીયાવાડ મજીદ, હોળી ચકલા થઈ લાંબીશેરી પહોંચશે. માર્ગમાં નાના રામજી મંદિરે પ્રભુ વિશ્રામ કરશે અને ત્યારબાદ ૩૨ કોઠાની વાવ, આઝાદ ચોક, ગાંધીબાવલે થઈ ટાઉનહોલથી કુબેરજી મહાદેવ પહોંચશે. અહીં વિશેષ પૂજન-અર્ચન અને આરતી બાદ યાત્રા મીનાબજાર, મોટા રામજી મંદિર અને ધોળીકુંઈ રાધાકૃષ્ણ મંદિર થઈ સોનીવાડા અને ગાયની ખડકી થઈ નિજ મંદિર પરત ફરશે.

### ઝારોલાની હાઈસ્કૂલના ૩૫ વર્ષીય શિક્ષકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

# બોરસદમાં રોંગ સાઈડમાં આવતી બાઈક ટક્કરે શિક્ષકનું કરુણ મોત

**એક બાઈક પર સવાર** ત્રણ શખ્સોએ જોરદાર ટક્કર મારતા સર્જાયો અકસ્માત


(પ્રતિનિધિ) બોરસદ તા.૬

બોરસદ તાલુકાના રાસ નાયરા પેટ્રોલ પંપ નજીક વહેલી સવારે એક અરેરાટીભરી ઘટના સામે આવી છે. રાસ બસ સ્ટેન્ડ તરફથી રોન્ગ સાઈડમાં પૂરઝડપે આવતી એક મોટરસાયકલે સામેથી આવી રહેલા શિક્ષકની બાઈકને જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજાઓના કારણે શિક્ષકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

મૂળ જૂનાગઢ જિલ્લાના માંગરોળ બંદરના વતની અને હાલ બોરસદના રાસ ખાતે રહેતા રવીભાઈ પ્રેમજીભાઈ મોતીવરસ (ઉં.વ. ૩૫) ઝારોલા ગામની એચ.જે.પરીખ એન્ડ યુ.એમ.એચ. ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ છઠ્ઠી જુલાઈના રોજ સવારે આશરે સાત વાગ્યે રવીભાઈ પોતાના ઘરેથી એટીએમ કાર્ડ લેવા માટે મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. સવા સાતેક વાગ્યાના અરસામાં જ્યારે તેઓ રાસ નાયરા પેટ્રોલ પંપથી રાસ બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા, ત્યારે સામેથી એક બાઈક પર ત્રણ સવારી બેસીને ચાલક પોતાની બાઈક ગફલતભરી રીતે રોંગ સાઈડમાં ચલાવી લાવ્યો હતો અને રવીભાઈની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે રવીભાઈને માથાના ભાગે અને પગે ગંભીર ઈજાઓ પહોંચતા વધુ પડતું લોહી વહી જવાથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું. આ અકસ્માત સર્જનાર બાઈક પરના ત્રણેય સવારોને પણ વત્તી-ઓછી ઈજાઓ પહોંચી છે. આ ઘટનાની જાણ થતાં જ શાળાના પ્રિન્સિપાલ ધર્મેશભાઈ પટેલે પરિવારને જાણ કરી હતી. મૃતક શિક્ષકની પત્ની શીતલબેનની ફરિયાદના આધારે વિરસદ પોલીસે બાઈક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતથી શિક્ષકોમાં શોકનું લાગણી જન્મી હતી.

### વટાદરાના અલૌકિક રોકડીયા હનુમાન દાદાને અવનવી છત્રીઓનો શણગાર



ખંભાત તાલુકાના વટાદરા ગામના રોકડીયા હનુમાન મઢી ખાતે રોજેરોજ વિશેષ શણગાર કરવામાં આવે છે. વટાદરા હનુમાન મઢીના શ્રી રોકડીયા હનુમાન દાદાને દરેક પ્રસંગ તહેવાર અને ઋતુઓની થીમ મુજબ શણગાર કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષાઋતુનુ આગમન થાય તેવા ઉમળકા અને ભક્તિભાવથી અવનવી છત્રીઓનો શણગાર કરવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ ભાવિકો ખૂબ આસ્થા સાથે મંદિર પરિસરમાં હાજર રહીનેને છત્રીઓનો શણગાર કરાયેલ દાદાના દર્શન અને ભક્તિનો મહિમા સમજી ધર્મલાભ મેળવી ધન્યતા અનુભવી છે.

### શિક્ષણાધિકારીની કચેરીએ ઉગ્ર હંગામો કરી કોઈપણ તપાસ વગર ઓર્ડર કાઢી દેવાયાનો આક્ષેપ

# રોહિસામાં આચાર્યાની રાજકીય ઈશારે બદલી કરાતા ગ્રામજનો રોષે ભરાયાં

**શિક્ષણ સમિતિના** ચેરમેને ન્યાયની ખાતરી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

મહેમદાવાદ તાલુકાના રોહિસા ગામની પ્રાથમિક શાળાના એચ-ટાટ આચાર્યાની અચાનક બદલી કરી દેવાતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજકીય દબાણવશ અને કોઈપણ પૂર્વ તપાસ વિના આ નિર્ણય લેવાયો હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચી હોબાળો મચાવ્યો હતો.



રોહિસા શાળામાં ફરજ બજાવતા આચાર્યા શિલ્પા દેસાઈની બદલીના વિરોધમાં ગામના 50 થી 60 લોકોએ સહીઓ સાથે લેખિત અરજી આપી આદેશ પર સ્ટે લાવવા માંગ કરી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આચાર્યાનું શિક્ષણ કાર્ય ખૂબ જ સારું છે, પરંતુ ગામના અમુક ચોક્કસ લોકો અને રાજકીય લાગવગના કારણે આ બદલી થોપી બેસાડવામાં આવી છે. આ મામલે લોકોએ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મણસિંહ પરમારની મુલાકાત લેતા, તેમણે યોગ્ય તપાસ કરી ગામની તરફેણમાં નિર્ણય લેવાની ખાતરી આપી છે.

બીજી તરફ, જિલ્લા શિક્ષણાધિકારીએ બચાવ કરતા જણાવ્યું હતું કે, શાળામાં બે શિક્ષકો વચ્ચે ચાલતા લાંબા સમયના વિવાદને કારણે શૈક્ષણિક વાતાવરણ બગડતું હોવાથી વહીવટી સરળતા ખાતર આ કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ આચાર્યાને સમજાવવા છતાં સંચાલનમાં સુધારો ન આવતા આ ઓર્ડર કરાયો હોવાની સ્પષ્ટતા અધિકારીએ કરી છે. જોકે, તંત્રની આ કામગીરી સામે ગ્રામજનોનો આક્રોશ હજુ પણ યથાવત છે.

### ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી જોતા વૃદ્ધ ચોંકી ગયાં

# વૃદ્ધના ખાતામાંથી રૂ.૫ લાખની ઓનલાઈન લૂંટ

**કોઈ ફોન કે ઓટીપી** વગર ગઠિયાઓએ ખાતું સાફ કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૬

આણંદ શહેરમાં ડિજિટલ માધ્યમોના દુરુપયોગનો એક સનસનાટીપૂર્ણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક નિવૃત્ત વૃદ્ધના બેંક ખાતામાંથી ગઠિયાઓએ તેમની જાણ બહાર રૂ. ૫ લાખની રકમ સેરવી લીધી છે. આ મામલે આણંદ સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ ઘટનાની વિગત મુજબ, આણંદના શ્રીહરીઓમ પાર્કમાં રહેતા ૫૮ વર્ષીય રમેશચંદ્ર પ્રજાપતી બેંક ઓફ બરોડાની અમુલ ડેરી રોડ શાખામાં ખાતું ધરાવે છે. ગત ૧૪મી જૂનના રોજ તેઓ પત્નીના મોબાઈલમાં રિચાર્જ કરવા જતાં ટ્રાન્ઝેક્શન નિષ્ફળ રહ્યું હતું. ત્યારબાદ ગૂગલ-પેની હિસ્ટ્રી ચેક કરતા જાણવા મળ્યું હતું કે, ૩૧ મે થી ૫ જૂન ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ ૬ ટ્રાન્ઝેક્શન દ્વારા તેમના ખાતામાંથી લાખો રૂપિયા ઉપાડી લેવાયા હતાં.

આશ્ચર્યજનક બાબત એ છે કે, આ છેતરપિંડી દરમિયાન રમેશચંદ્રને બેંક તરફથી કોઈ SMS એલર્ટ મળ્યો નહોતો, કે કોઈ શંકાસ્પદ ફોન કે ઓટીપી પણ આવ્યો નહોતો. અત્યંત ચાલાકીથી આચરાયેલા આ ડિજિટલ ફ્રોડ અંગે ભોગ બનનારે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં સાયબર ગઠિયા વધુ એક સિનિયર સિટીઝનને જાળમાં ફસાવી નાણાં પડાવ્યાં છે.

### અલીન્દ્રામાં પટ્ટાવાળાના આપઘાત કેસમાં મામલતદારની લાલ આંખ

# વસોના નાયબ મામલતદારને ૩ દિ'માં હાજર થવા 'અલ્ટીમેટમ'

**પોલીસ તપાસથી** બચવા ભૂગર્ભમાં ઉતરી ગયેલા અધિકારી સામે કાર્યવાહીની ચિમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

વસો તાલુકાના અલીન્દ્રા ગામે સસ્તા અનાજની દુકાનના પટ્ટાવાળાના આપઘાત મામલે વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસમાં ગંભીર આક્ષેપોનો સામનો કરી રહેલા અને છેલ્લા કેટલાક સમયથી ફરાર નાયબ મામલતદાર પંકજ મિશ્રાને વસો મામલતદારે સત્તાવાર નોટિસ ફટકારી છે અને આગામી ૩ દિવસમાં માતર પોલીસ સમક્ષ હાજર થવા આદેશ આપ્યો છે.

અલીન્દ્રા સેવા સહકારી મંડળી ખાતે ફરજ બજાવતા પટ્ટાવાળા મનુભાઈ સોલંકીએ ૩ જુલાઈના રોજ કૂવામાં કૂદીને આપઘાત કરી લીધો હતો. આ બનાવ સંદર્ભે મૃતકના પરિવારજનોએ નાયબ મામલતદાર પંકજ મિશ્રા અને અન્ય કર્મચારીઓ પર માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ મામલે રમેશભાઈ સોલંકી દ્વારા માતર પોલીસ મથકમાં તપાસ માટે અરજી આપવામાં આવી છે.

આ કેસમાં પોલીસ તપાસ શરૂ થતા જ નાયબ મામલતદાર પંકજ મિશ્રા કચેરીમાં હાજર ન હોવાનું અને રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ વિભાગ દ્વારા તેમનો સંપર્ક કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે અને તેઓ હાલ ક્યાં છે તેની કોઈ માહિતી મળી રહી નથી.

અધિકારી જવાબદારીમાંથી છટકવા ભૂગર્ભમાં ઉતરી જતાં વસોના મામલતદારે આકરી કાર્યવાહી કરી છે. નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે, જો નાયબ મામલતદાર નિયત ૩ દિવસની સમયમર્યાદામાં માતર પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ હાજર નહીં થાય, તો પોલીસ વિભાગ દ્વારા તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એક તરફ નિર્દોષનો જીવ ગયો છે ત્યારે જવાબદાર અધિકારી સામેની આ 'લાલ આંખ' વહીવટી વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે.

# કઠલાલમાં સગીરા પર દુષ્કર્મ ગુજારનારો શખસ ઝડપાયો

**પોલીસે સગીરાને** હેમખેમ મુક્ત કરાવી પરિવારને સોંપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

કઠલાલ પંથકમાં સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જઈ, તેને ગોંધી રાખી તેના પર વારંવાર દુષ્કર્મ આચરવાની ચકચારજનક ઘટનામાં પોલીસે ગણતરીના દિવસોમાં નરાધમને બનાસકાંઠાથી ઝડપી પાડી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

કઠલાલ પોલીસ મથકની હદમાંથી થોડા દિવસો પૂર્વે એક સગીરા ગુમ થઈ હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આરોપી સગીરાને લાલચ આપી તેના વાલીના રક્ષણમાંથી અપહરણ કરી ગયો હતો. પરિવારે દીકરીની શોધખોળ કર્યા બાદ સફળતા ન મળતા અંતે કઠલાલ પોલીસમાં અપહરણ અને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ગંભીર ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ કઠલાલ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સોર્સના આધારે આરોપીનું લોકેશન બનાસકાંઠા ટ્રેસ થતા પોલીસે ત્યાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો અને સગીરાને હેમખેમ મુક્ત કરાવી હતી.

કઠલાલ તાલુકાના ભાટેરા ગામનો રહેવાસી પ્રકાશ રાધાભાઈ બારૈયા હોવાનું ખુલ્યું છે. પોલીસે તેની અટકાયત કરી તેને સ્થાનિક કોર્ટમાં રજૂ કર્યો છે. ગુનાના અન્ય તથ્યો અને ઊંડાણપૂર્વકની તપાસ માટે પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કંસારીના તળાવમાં કેમિકલયુક્ત પાણી છોડાતા માછલીઓના મોત

**જીઆઈડીસીની** કેટલીક કંપનીઓ સામે કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) ખંભાત તા ૬

ખંભાત તાલુકાના કંસારી ગામના તળાવમાં ઝેરી કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતાં હજારો માછલીઓના મોત નીપજ્યાની ચોંકાવનારી ઘટના બનવા પામી છે. તળાવ તેમજ તેની આસપાસના કિનારાઓ પર મોટી સંખ્યામાં મૃત માછલીઓના ઢગલા જોવા મળતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને જવાબદાર કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

કંસારી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેટલીક કંપનીઓ દ્વારા ગેરકાયદે રીતે કાંસ મારફતે કેમિકલયુક્ત અને ઝેરી પાણી ગામના તળાવમાં છોડવામાં આવ્યું હોવાના આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષથી ચોમાસાની શરૂઆતમાં આવી ઘટના બનતી રહી છે, પરંતુ આ વર્ષે તેની ગંભીર અસર જોવા મળી છે. ઝેરી પાણીના કારણે તળાવની તમામ માછલીઓના મોત થતાં પર્યાવરણને પણ મોટું નુકસાન પહોંચ્યું છે.

ગામનું તળાવ પાંચ વર્ષ માટે ઈજારેથી રાખનાર વિઠ્ઠલભાઈ તળપદાએ જણાવ્યું હતું કે તેમણે તળાવ માટે રૂ. 1.86 લાખનું પ્રીમિયમ ચૂકવ્યું છે. ઝેરી પાણીના કારણે આ વર્ષે તમામ માછલીઓ નાશ પામતાં અંદાજે રૂ. 7થી 8 લાખનું આર્થિક નુકસાન થયું છે. ગામના તળાવની ઈજારાની આવક ગામના વિકાસ કાર્યોમાં વપરાતી હોવાથી આ ઘટનાની અસર ગ્રામ વિકાસના ભંડોળ પર પણ પડશે.

આ ઘટનાની જાણ થતાં કંસારી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સરપંચના પ્રતિનિધિએ સ્થળ મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જીઆઈડીસીની કેટલીક કંપનીઓ દ્વારા ઝેરી પાણી તળાવમાં છોડવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. ગત વર્ષે પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, છતાં કાર્યવાહી થઈ ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

# સસ્તી જનરિક દવાઓ પણ બ્રાન્ડેડ જેટલી જ સુરક્ષિત અને અસરકારક

**આણંદના યુવા** સંશોધકનું Ph.D.માં મહત્ત્વનું તારણ

(પ્રતિનિધિ) આણંદ તા.૬

સામાન્ય જનતામાં હંમેશા એક મૂંઝવણ હોય છે કે શું સસ્તી જનરિક દવાઓ મોંઘી બ્રાન્ડેડ દવાઓ જેટલી જ અસરકારક અને સુરક્ષિત હોય છે? આ યક્ષ પ્રશ્નનો વૈજ્ઞાનિક પુરાવા સાથેનો જવાબ આણંદના યુવા સંશોધક કુશલ પંકજકુમાર શાહે તેમના પીએચ.ડી. સંશોધન દ્વારા આપ્યો છે. વડોદરાની સન ફાર્મા કંપનીમાં કાર્યરત કુશલ શાહે સીવીએમ યુનિવર્સિટીમાંથી કેમિસ્ટ્રી વિષયમાં આ પ્રતિષ્ઠિત પદવી પ્રાપ્ત કરી છે.




'સસ્તી દવા એટલે નબળી ગુણવત્તા'ની માન્યતા તૂટી ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં આ સંશોધન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તેમાં સીધી રીતે જનરિક અને બ્રાન્ડેડ દવાઓ વચ્ચે તુલના કરવામાં આવી છે. કુશલ શાહના સંશોધનનો વિષય બિન-મૌખિક (Non-oral) ડ્રગ પ્રોડક્ટ્સ, ખાસ કરીને નોન-સ્ટેરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી ડ્રગ્સ (NSAIDs) ની સ્થિરતા અને વિઘટન પર આધારિત હતો. તેમના ઊંડાણપૂર્વકના અભ્યાસમાં એ સાબિત થયું છે કે જનરિક પ્રોડક્ટ્સ જે કિંમતમાં ઘણી સસ્તી છે, તે ગુણવત્તા અને સુરક્ષાની દ્રષ્ટિએ મોંઘી બ્રાન્ડેડ પ્રોડક્ટ્સ જેટલી જ સક્ષમ છે.

આ સંશોધન કાર્ય આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગના અધ્યક્ષ ડો. રોહિત એચ. દવેના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. પરીક્ષક તરીકે અમદાવાદના ડો. મનીષ નિવસારકર ઉપસ્થિત રહ્યા હતા. કુશલ શાહની આ સિદ્ધિએ સાબિત કર્યું છે કે સામાન્ય માણસ હવે કોઈપણ ખચકાટ વગર જનરિક દવાઓ પર વિશ્વાસ મૂકી શકે છે.

#### કપડવંજના પલ્લવ ગાંધીએ ફાર્માકોલોજી વિષયમાં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી



કપડવંજના પલ્લવ મોહિતભાઈ ગાંધીએ નિરમા યુનિવર્સિટીમાંથી ફાર્માકોલોજીમાં સફળતાપૂર્વક પીએચ.ડી. પૂર્ણ કરી ગૌરવ વધાર્યું છે. તેઓ હાલ અમદાવાદની ઇન્ડસ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. જાણીતા દવાના વેપારી સ્વ. મનહરલાલ ગાંધીના પૌત્રની આ શૈક્ષણિક સિદ્ધિને કપડવંજ વિશા ખડાયતા પંચ દ્વારા બિરદાવવામાં આવી છે. પંચે પલ્લવ ગાંધીને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ કામનાઓ વ્યક્ત કરી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225